ક્રમાંક-એમવીપી/૧૧૧૨૦૧૧/૫૫/ ૧૧૭૯
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬,
બીજે માળ, સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૦૯-૨-૨૦૧૧.

પ્રતિ,

તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તથા
તમામ ચેકપોસ્ટ અધિકારીશ્રીઓ.

વિષયઃ- ટ્રાન્સપોર્ટ વાહનોમાં વાર્ષિક ફીટનેશ ટેસ્ટનો ચુસ્તપણે અમલ કરવા બાબત.

અનુ :-મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે, નવી દિલ્હીનાં પત્ર ક્રમાંક-આરટી-૧૧૦૩૬-૫૭-૨૦૧૦-એમવીએલ, તા.૩-૧૨-૨૦૧૦.

શ્રીમાન,

ઉપરોકત વિષય તથા અનુસંધાને જણાવવાનું કે, સેન્ટ્રલ મોટર વાહન નિયમો,૧૯૮૯ ના નિયમ-૬૨ ની જોગવાઈ મુજબ દરેક ટ્રાન્સપોર્ટ વાહનોમાં નવી નોંધણીનાં બે વર્ષ પછી, દર વર્ષે નિયમીત રીતે ફરજીયાત વાહનનું ફીટનેશ સર્ટીફીકેટ ઈસ્યુ કરતાં પહેલાં અધિકૃત અધિકારી ધ્વારા વાહનનો ફીટનેશ અંગેનો ટેસ્ટ કરાવવાનો હોય છે.

દેશમાં થતાં મોટાભાગનાં રોડ એકસીડન્ટો પાછળનાં કારણો પૈકીનું એક કારણ વાહનની ફીટનેશ બરાબર જળવાતી ન હોવાનું જોવા મળે છે. ઝડપથી વધતી જતી વસ્તી તથા વાહનોની સંખ્યાને કારણે રોડ એકસીડન્ટોને નિવારવા માટે, રોડની ગુણવત્તતા જાળવવા, જાનહાનિની શકયતાઓ ઘટાડવા તથા માર્ગ સલામતીનાં હેતુસર વાહન તાંત્રિક રીતે સંપુર્ણ રીતે યોગ્ય થયા બાદ જ રોડ પર ફરે તે બાબત સુનિશ્ચિત કરવા નીચે પ્રમાણેની સૂચના આપવામાં આવે છે.

૧. ટ્રાન્સપોર્ટ વાહન રોડ ચેકીંગ દરમ્યાન જો ફીટનેશ કર્યા વગરનું પકડાય તો વાહન માલીકને સુનાવણીની વ્યાજબી તક આપ્યા બાદ રજીસ્ટ્રેશન સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવી.

૨. ટ્રાન્સપોર્ટ વાહનનાં કીસ્સામાં વાહન માલીક જયારે વાહનની નોંધણી બુકમાં વાહનને લગતી કામગીરી જેવી કે એચ.પી.ટર્મીનેશનની નોંધ, વાહન તબદીલીના કીસ્સામાં, પરમીટ અંગેની બાબતમાં, ટેક્ષની કામગીરીમાં તથા ડી.એ.અંગેની કોઈ કામગીરી માટે આવે ત્યારે વાહનનું ફીટનેશ થયેલ છે કે કેમ ? તે જોવાનું રહેશે.

૩. ફીટનેશ અંગેની કામગીરી નિયમીત રીતે થાય તે માટે સંલગ્ન ટ્રાન્સપોર્ટ એસોસીએશન સાથે સંકલનમાં રહેવા તથા સમયસર કાર્યવાહી કરવા જણાવવું.

આમ, માર્ગસલામતી જાળવવા તથા રોડ એકસીડન્ટો નિવારવા માટે ઉકત સૂચનાઓનું કડકપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવા આથી જણાવવામાં આવે છે.

નોંધ ઉપર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક.
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.૨, ૯ મો માળ, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.

(૨) અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામી મંદિર પાસે, શાહીબાગ રોડ, અમદાવાદ.

12-2-2011
AGTTA

:પુરબિયા:પીસી:૧:૧૧૮૮-૧૮૯: